**શ્રી સદ્વિદ્યા મંડળ, ભરૂચ સંચાલિત**

**મહામંડલેશ્વર શ્રી કૃષ્ણાનંદજી લૉ કોલેજ (એમ.એસ. કે. લો કોલેજ), જૂનો નેશનલ હાઈ વે નં-૮,ભરૂચ**

એમ.એસ. કે. લો કોલેજ , જૂનો નેશનલ હાઈ વે નં-૮, ભરૂચને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પત્રક્રમાંક કવટ/આઈએસસીઉ/વર્ગ ૩/એનઓસી/૨૦૬૯૫-૯૭ તા. ૨૩-૯-૨૦૨૫ થી સિનિયર કલાર્ક- ઓપન કેટેટરીની જગ્યા ભરવા માટે મળેલ એનઓસીના સંદર્ભમાં ભરતી પ્રકિયા કરવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે. મંજૂરી મળેલ જગ્યાની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | જગ્યા | કેટગરી | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સિનિયર કલાર્ક | ઓપન | ૦૧ |

## ૧. સિનિયર ક્લાર્ક માટેની અગત્યની સૂચના :

આ માટે ઉમેદવારોએ તા.30/10.2025 થી તા.13.11.2025 દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. અરજીપત્રક સાથે શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો A 4 સાઈઝમાં બિડવાના રહેશે. ભરતી પ્રક્રિયા સંબંધિત તમામ સૂચનાઓ કૉલેજની વેબસાઈટ https://www.msklaw.ac.in પર મૂકવામાં આવશે તેથી સમયાંતરે કૉલેજની વેબસાઇટ અચુક જોતા રહેવું.

- અરજી કરતી વખતે ઉમેદવારે કોઈ અસલ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ, અરજીપત્રક સાથે શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો A4 સાઈઝમાં બિડવાના રહેશે.અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવાપાત્ર છે.
- અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

૧. નોંધ :

(૧) અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન- અનામતના ધોરણો લાગુ પડશે.

(૨) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે

(3) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

Scanned with CamScanner

૨. રાષ્ટ્રીયતા:-

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

૩. (૧) વયમર્યાદા:-

૧. ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

૨. તા.13.11.2025 ના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈશે.; અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો- ૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.

૩. (૨) વયમર્યાદામાં છૂટછાટ:-

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે. અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) ૧૫વર્ષ | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫ ૨૦) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. | |

૪. શૈક્ષણિક લાયકાત :-

(૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે. અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

Scanned with CamScanner

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.

(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

**૫. અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ:-**

(૧) મૂળ ગુજરાતનાં અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.

(૨) અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.

(3) ઉમેદવારે અરજીપત્રકના કેટેગરીના કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે તથા કૉલેજ /મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે અચૂક સામેલ કરવાનું રહેશે. જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જશે તો ઉમેદવારી "રદ" ગણવામાં આવશે.

(૫) S.E.B.C. કેટેગરી (સા.શૈ.પ. વર્ગ) ના ઉમેદવારોએ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની મહત્તમ અવધિ ઈશ્યૂ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈશ્યુ થયેલ હોવું જોઈએ. આ સમય ગાળા દરમ્યાન આ પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે.

(૬) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા- પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી “રદ” કરવામાં આવશે.

(૭) ઉમેદવારે અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર કૉલેજ /મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૮) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (એટલે કે વય મર્યાદા, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં વિગતો ભરતા સમયે જાતિ(કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક કન્ફર્મ થયેથી જાતિ (કેટેગરી)માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામા આવશે નહી.

**૬. કોમ્પ્યુટરની જાણકારી :**

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨ ૧૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે, અથવા સરકાર

Scanned with CamScanner

માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

**૭. શૈક્ષણિક લાયકાત / વયમર્યાદા વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ :-**

જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તા.13.11.2025 ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**૮. પગાર ધોરણ:-**

નાણાં વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ ના તથા તા. ૨૯/૪/૨૦૧૦ અને તા.૬/૧૦/૨૦૧૧, તા. ૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ -૨૦૦૨- ૫૭-ઝ.૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨- ૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ તથા છેલ્લે નાણા વિભાગના તા. ૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨- ૫૭-(પાર્ટ-૪)-ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદુપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩-૧૦- ૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણા વિભાગના તા. ઠરાવ ક્રમાંક:- ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-રાઈઝ-૧ તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણ નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SPL No.14124/2012 અને SPL No.14125/2012 ના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | સંવર્ગ | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર |
|---|---|---|
| ૧ | સિનિયર ક્લાર્ક | ૨૬,૦૦૦/- |

**૯. પરીક્ષા ફી:-**

| સ્પર્ધાત્મક પરીક્ષા માટે પરીક્ષા ફી | | |
|---|---|---|
| | બિન અનામત વર્ગ | અનામત વર્ગ (તમામ કેટેગરીની મહિલા, અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવાર) |
| પ્રાથમિક પરીક્ષા | Rs.500/- | Rs.400/- |
| પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. | | |

આ ફી રોકડમાં, ભારતીય પોસ્ટલ ઓર્ડર, પે-ઓર્ડર કે અન્ય કોઈ સ્વરૂપે ફી સ્વીકારવામાં આવશે નહીં જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

Scanned with CamScanner

- પરીક્ષામાં ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.
- પરીક્ષા ફી ડીમાંડ ડ્રાફ્ટ વગરની ઉમેદવારોની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારોનું અરજી ફોર્મ કોઈ પણ જાતની જાણ કર્યા વગર કૉલેજ /મંડળ દ્વારા રદ કરવામાં આવશે.

## ૧૦. (અ) પરીક્ષા પદ્ધતિ:-

કૉલેજ/ મંડળ દ્વારા નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ડીમાંડ ડ્રાફ્ટ અરજી સાથે છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના વિભાગના (૧) તા.૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: GS/ 2023/15/015/K તેમજ (૨) તા. ૨૮/૧૨/૨૦૨૩ના જાહેરનામાં ક્રમાંકઃ GS/2023/31/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

તબક્કો ૧ : પ્રાથમિક પરીક્ષા (ગ્રુપ -A માટે)

| | | |
|---|---|---|
| 1 | Reasoning | 40 Marks |
| 2 | Quantitative aptitude | 30 Marks |
| 3 | English | 15 Marks |
| 4 | Gujarati | 15 Marks |
| | Total | 100 Marks |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કામાં ગ્રુપ -A હેઠળના સંવર્ગો માટે પ્રાથમિક પરીક્ષા MCQ- પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણ ની રહેશે. પરીક્ષાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.
- અરજી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રિલિમિનરી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષાને અંતે ગ્રુપ A માટે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. અને ભરવાની થતી કેટેગરી વાઇઝ જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા માટે લાયક કરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

Scanned with CamScanner

તબક્કો - ૨ મુખ્ય પરીક્ષા

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૮-૦૫-૨૦૨૩ના જાહેરનામા મુજબ ગ્રુપ A માટે વર્ણાત્મક, પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ Appendix G મુજબ રહેશે.

**૧૦. (બ) લઘુત્તમ લાયકાત ધોરણ:-**

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

**૧૧. પસંદગી યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-**

(૧) ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પ્રિલીમીનરી પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે ગ્રુપ – A માટેની મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.

(૨) મંડળ દ્વારા બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ તેમજ કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાના આધારે ગ્રુપ A માટે આખરી પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. તેમજ જે ઉમેદવારો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ પરંતુ પસંદગી યાદીમાં સ્થાન મેળવી શકેલ નથી તેવા અસફળ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

**૧૨. સામાન્ય શરતો:-**

(૧) એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફ્ટીંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક્સ, જુડો રાઈફલ શુટિંગ, કબડ્ડી. ખોખો, તીરદાજી પોડેસવારી, ગોળાફેંક, નીકાસ્પી, અંતરજ, હેન્ડબોલ ની રમતો-ખેલકુદમાં માત્ર (1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૭૭/ -૨૬૬૦/ગાર તથા તા. ૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/ ૩૬૪૪/ગાર મા નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરવાનું રહશે.આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

(૨) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈએ.

Scanned with CamScanner

(૩) સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક-સશપ/૧૧૦૯/૧૬૬૩/અ થી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતી) ના નમુનામાં તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક-સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અની જોગવાઈ અનુસાર અરજી કરવાની છેલ્લી તા.૦૩/૧૧/૨૦૨૫ સુધીમાં ઇસ્યુ થયેલું હોવું જોઈએ. આ પ્રમાણપત્ર ઇશ્યુ થયાના નાણાકીય વર્ષ સહિતના ત્રણ નાણાકીય વર્ષ માટે માન્ય રહેશે. આ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ અરજી કરતી વખતે દર્શાવવાનો રહેશે. સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહી હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ-૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

(૪) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હતો તો તેની અરજી રદ કરવામાં આવશે.

(૫) જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર કોલેજ / મંડળ દ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ.

(૬) પરીક્ષા ફી ભર્યા બાદ જે ઉમેદવાર પરીક્ષામાં હાજર રહેશે તેઓને જ રીફંડ મળવાપાત્ર થશે. તેમજ તે ફી અન્ય કોઈ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં તથા અરજી કરી બાદ પરત ખેંચી શકાશે નહિ.

(૭) કોઈ પણ વર્ગના ઉમેદવારોએ નિયત પરીક્ષા ફી ભરેલ નહી હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહી.

(૮) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઇએ અને તે અંગે કોલેજ / મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજૂ કરવાના રહેશે.

(૯) આગળની ભરતી પ્રક્રિયા સંદર્ભે કૉલેજ /મંડળ તરફથી આપવામાં આવતી જરૂરી સૂચનાઓ જોવા માટે કૉલેજની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું

(૧૦) ના વાંધા પ્રમાણપત્ર (NOC): ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ કોલેજ /મંડળની જાહેરાતના સંદર્ભમાં અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા/કચેરીને અચૂક કરવાની રહેશે.

## ૧૩. સામાન્ય સુચનાઓ:-

(૧) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબક્કે રદ ગણવામાં આવશે.

(૨) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો ચોંટાડેલ છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ

JAI

Scanned with CamScanner

કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)

(3) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.

(૪) કૉલેજ /મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (3) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઓ.એમ.આર. સીટ માંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા "વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે કોલેજ / મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત કર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) કોલેજ/મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (3) ગુજરાત જાહેર સેવા આયોગ અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ "રદ" થવાને પાત્ર બનશે.

(૫) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી કોલેજ / મંડળ "રદ" કરી શકશે. તેમજ જો પસંદગી / નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, કોલેજ/ મંડળ/ નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે.

(૬) કોલેજ /મંડળ ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તિર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

(૭) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

Scanned with CamScanner

(૮) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૯) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.

(૧૦) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

**૧૪.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્કતા ઉભી થાય તો તેમ કરવાની કોલેજ / મંડળને સંપૂર્ણ હક / અધિકાર રહેશે અને કોલેજ / મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

તારીખ – 30.10.2025

સ્થળ- ભરૂચ

Scanned with CamScanner

Appendix - G:
(Rule 6(2),7,14(3))

The Scheme and Subjects of Main Examination for the Posts termed as Group-A in Rule 6 shall consist of the following Papers:

| Paper No. | Subject | Marks | Duration |
|---|---|---|---|
| I | Gujarati Language Skill | 100 | 3 Hours |
| II | English Language Skill | 100 | 3 Hours |
| III | General Studies | 150 | 3 Hours |
| Total Marks | | 350 | - |



Scanned with CamScanner

**Appendix -H**

Main Exam Syllabus (Descriptive Test for Group-A)

**Paper- I** **ગુજરાતી (મુખ્ય પરીક્ષા)** **(Descriptive)**

**માદ્યમ– ગુજરાતી**

**ગુણ–૧૦૦** **સમય–૩ કલાક**

| અનુક્રમ | અભ્યાસક્રમ વિગત | ફાળવાયેલ ગુણ |
|---|---|---|
| ૧. | નિબંધ : : ત્રણ પૈકી કોઇપણ એક (આશરે૨૫૦ થી૩૦૦શબ્દોમાં)<br>(વર્ણનાત્મક વિશ્લેષણાત્મક ચિંતનાત્મક/સાંપ્રત સમસ્યા પર આધારિત) | ૧૫ |
| ૨. | વિચારવિસ્તાર (બે પૈકી કોઈ પણ એક) કાવ્યપંક્તિઓ કે ગદ્યસૂક્તિનો<br>વિચારવિસ્તાર (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૩. | સંક્ષેપીકરણ : આપેલા ગદ્યખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ | ૧૦ |
| ૪. | ગદ્યસમીક્ષા: આપેલા ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. | ૧૦ |
| ૫. | પ્રચાર માદ્યમો માટે નિવેદનો તૈયારકરવા (આશરે ૧૫૦ શબ્દોમાં) | ૧૦ |
| ૬. | પત્રલેખન (અભિનંદન શુભેચ્છા વિનંતી ફરિયાદ વગેરે) (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૫ |
| ૭. | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો સાંપ્રત<br>સમસ્યાઓ/વ્યક્તિગત અભિપ્રાય રજુ કરતુ ચર્ચાપત્ર) | ૧૦ |
| ૮. | અહેવાલલેખન (આશરે ૨૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૯. | ભાષાંતર : અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ | ૧૦ |
| ૧૦. | ગુજરાતી વ્યાકરણ<br>સૂચવ્યા મુજબ જવાબ લખો. (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહીં)<br>૧) રૂઢિપ્રયોગોના અર્થ અને તેનો વાક્યપ્રયોગ<br>૨) કહેવતોનો અર્થ<br>3) સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ<br>૪) છંદ ઓળખાવો<br>૫) અલંકાર ઓળખાવો<br>૬) શબ્દસમૂહ માટે એક શબ્દ<br>૭) જોડણી શુદ્દિ<br>૮) લેખન શુદ્દિ ભાષા શુદ્દિ<br>૯) સંધિ – જોડો કે છોડો<br>૧૦) વાક્ય રચનાના અંગો વાક્યના પ્રકાર વાક્ય પરિવર્તન | ૧૦ |
| | **કુલ** | **૧૦૦** |



Scanned with CamScanner

**Paper-II**

Marks-100

ENGLISH (MAIN EXAMINATION)

Medium-English

**(Descriptive)**

Time-3 Hours

| No. | Type of Question | Marks to be allotted |
|---|---|---|
| 1. | ESSAY (A minimum of 250 words and a maximum of 300 words): Choose any one topic from a list of five.<br>(Descriptive analytical/philosophical/ based on Current Affairs) | 15 |
| 2. | LETTER WRITING (in about 150 words)<br>A formal letter expressing one's opinion about an issue.<br>The issues can deal with daily office matters/ a problem that has occurred in the office/ an opinion in response to one sought by a ranked officer/issues pertaining to recent concern. etc. | 10 |
| 3. | REPORT WRITING (in about 200 words)<br>A report on an official function/event/field trip/survey etc | 10 |
| 4. | WRITING ON VISUAL INFORMATION (in about150 words): A report on a 10 graph/image/flow chart/table of comparison/simple statistical data etc. | 10 |
| 5. | FORMAL SPEECH (in about 150 words)<br>A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/conference, a formal ceremony of importance etc. | 5 |
| 6. | PRECIS WRITING<br>A precis in about 100 words for a 300-word passage. | **10 x 2 = 20** |
| 7. | READING COMPREHENSION: A-reading passage of about 250 words to be given followed by short-answer type questions | 10 |
| 8. | ENGLISH GRAMMAR<br><br>a. Tenses<br>b. Voice<br>c. Narration (Direct-Indirect)<br>d. Transformation of sentences<br>e. Use of Articles and Determiners<br>f. Use of Prepositions<br>g. Use of Phrasal verbs<br>h. Use of idiomatic expressions<br>i. Administrative Glossary<br>j. Synonyms/Antonyms<br>k. One-word substitution<br>l. Cohesive devices/Connectives/Linkers<br>m. Affixes<br>n. Words that cause confusion likehomonyms/homophones. | 10 |
| 9. | TRANSLATION:<br>Translation of a Short Passage (of about 150 words) from Gujarati or English | 10 |
| | **Total** | **100** |



Scanned with CamScanner

**Paper- III** **General Studies (Main Examination)** **(Descriptive)**

Marks-150 Medium-Gujarati Time-3 Hours

**(a) History of India**

1. Indus Valley Civilization: Characteristics, Places, Society, Cultural History, Art and Religion Indus ValleyCivilization and Gujarat Vedic Age- Jainism and Buddhism, Nanda Dynasty
2. Maurya and Gupt empires,
3. Vijayanagara Dynasty and Important dynasties of south India.
4. Important dynasties of Gujarat - their administration, art, architecture, literature, science and Technologies
5. Educational Institutions: Takshshila, Nalanda and Valabhi.
6. Arrival of Europeans in India, establishment and expansion of british rule in India 1757 to 1856, land revenue system. Permanent conscription, raiyatwari and mahalwari. Education system
7. India's Freedom struggle of 1857: religious and social reform movements in India and Gujarat in the 19th century, factors responsible for the rise of nationalism in India, Indian National Congress
8. Rise of Mahatma Gandhi on the national scene and the impact of his ideas, principles and teachings on the political, social, economic, religious, and cultural life of India.
9. Role of Sardar Patel in Independence Movement and Post-Independence Integration.
10. Indian revolutionaries in India and abroad, Azad Indian Army and Subhas Chandra Bose.
11. Post-Independence India: Reorganization of country states, Mahagujarat movement, Important events.



Scanned with CamScanner

**(b) Cultural Heritage**

1. Salient features of Indian culture and its art forms, literature, sculpture and architecture from ancient to archaic times; Salient features of Indian Society
2. Indian cinema and theatre and its impact on society.
3. Arts and Crafts of Gujarat
4. Guajarati theatre
5. Folk culture and Oral Tradition of Gujarat: Its Significance, Characteristics and Implications
6. Coastal culture and tribal culture of Gujarat

**(c) Geography**

1. Study of physical features and resources of Gujarat and India: major landforms, climate, soil, rocks, rivers, reservoirs, vegetation, minerals and water resources.
2. Economic History: Primary, Tertiary, Tertiary and Quaternary,
3. Social and Demographic Geography.
4. Developmental and environmental issues, sustainable development, globalization; Its Social and Economic Impacts, Smart City and Solutions Natural disasters, carbon emissions, pollution disaster Management. Global Response to the problems of climate Change and Environmental Degradation: Key treaties and conventions.

**(d) Science and Technology**

1. Integrating science, technology and innovation for a better human life, Science and Technology in everyday life: India's contribution in the field of science and technology, challenges and obstacles in



Scanned with CamScanner

application and diffusion of science and technology, role and scope of science and technology in nation building

2. Information and Communication Technologies (ICT)-fis Importance, Benefits and Challenges, E Governance and policies regarding India, Cybercrime and Cyber Security

3. India's space programs-Past, Present and Future Energy Policy and Nuclear Policy of india Importance, benefits and challenges of technology in defense services

4. Achievements of Indians in the field of science and technology, matters related to intellectual property rights in the field of science and technology

**(e) Events of Regional, National and International Importance**

**(f) Indian State System and Constitution**

1. Constitution of India and its salient features.
2. Functions and duties of Union and State Governments of India.
3. Issues and challenges related to federal structure-Role of Governor in states
4. Division of Powers between cental and State Governments (central List. State List, Concurrent List).issues and challenges
5. Important constitutional amendments.
6. Constitutional Institutions and their Role
7. Parliament and State Legislatures - Structure. Functioning Governance. Powers and Special Jurisdictions and Related Topics
8. Judiciary in India - Structure and Functioning, Important Provisions and Constitutional Amendments related to Emergency, Judicial Review, Public Petitions.

**(g) Public Administration and Governance**

1. Meaning, Nature and Scope of Public Administration, evolution in India, legacy of British rule



Scanned with CamScanner

2. Role of civil service in democracy.

3. Government policies and interventions, implementation issues and problems with regard to the development of various sectors

4. Development Process - Role of civil society, non-governmental organizations and other stakeholders, statutory, regulatory and various quasi-judicial bodies.

6. Good Governance and e-Governance-Transparency, accountability and sensitivity in governance – Bill of Rights, Right to Information, Public Service Act and its implications of this survey, social research and its importance

7. Rights related issues (Human Rights, women's Rights, Rights of Scheduled castes and Scheduled Tribes, Rights of Children) etc.

8. Important international organizations, agencies, various organizations and their structure

**(h) Discipline In Public Service**

1. Ethics and Human Interaction: Essence, Determinants and Implications/Impacts on Human Behavior, Consequences: Dimensions of Ethics, Ethics in Personal and public Relations, Ethics in public Services, Truthfulness and Accountability-Right to Information Act, Public Services Act and its implications.

2 Attitude: Basic elements, Functions; its effect on thoughts and behavior/behavior and relationship. character and political attitudes; Social influence and the role of persuasion/promotion.

3. Emotional Intelligence: Concept. Its Usefulness and Applications in Management and Governance.

4. Human Values: The Role of Family, Society and Educational Issues in Educating Citizens about Values.

5. Ethics related issues and challenges-Anti-corruption system, Lokpal, Lokayukta

6. Case study of matter related to the above order (1-5).



Scanned with CamScanner

**(i) Indian Economy and Planning**

1. Indian Economy: Emergence and Development of Planning Practice in India, central and state Government's economic performance, dynamics, challenges, new initiatives, reforms etc. Important events, developments and social sector initiatives. Nit Aayog Objectives, Constitution and Functions Social Audit Agriculture, Industries, Infrastructure Sector and Service Sector.
2. Regulatory Framework for Finance and Banking Concepts, Structure and Role. Monetary policy and fiscal policy.
3. Indian Public Finance: Indian Tax System, public expenditure, Public Debt, deficit and aid in Indian Economy, centra; and state Fiscal Relations.

   Various indicators of economy, indian important institutions involved in public administration
4. Rural Development and Rural Economy- Challenges and Policies; Employment policies/Schemes in India
5. External Sector: Trends, Structure and Direction of Foreign Trade. External field improvements Foreign Institutional Investment (FII) and Foreign Direct Investment (FDI).
6. The Economy of Gujarat- An Overview; Economy, economic and social social infrastructure development policies of Gujarat in comparison with india and other states, Co-operative movement in Gujarat and its impact on socio-economic aspects of life.
7. Infrastructure: Power, Ports, Roads, Airports, Railways, Telecommunications. Social Impact Assessment.



Scanned with CamScanner